# જાહેરનામુ

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક ગ/ઉપક/૨૦૫/૨૦૦૭.તા. 3/3/૨૦૦૭.

વંચાણે લીધા :- ૧)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૨/૨૦૦૩ તા.૧૮.૧૨.૨૦૦૩.
૨)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૫/૨૦૦૪ તા.૨૫.૨.૨૦૦૪.
૩)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૯/૨૦૦૪ તા.૫.૩.૨૦૦૪.
૪)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૪૩/૨૦૦૪ તા.૨૧.૬.૨૦૦૪.
૫)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૪૬/૨૦૦૪ તા.૯.૮.૨૦૦૪.
૬)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૫૭/૨૦૦૪ તા.૧૬.૧૧.૨૦૦૪.

ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ શહેરમાં વધતાં જતાં પ્રદુષણને અટકાવવા તેમજ થતાં અકસ્માતોને નિયંત્રીત કરવા સુપ્રિમકોર્ટ ને આપેલ બાહેંધરીના અનુસંધાને લેવાયેલ પગલાં પૈકી ભારેવાહનોને અમદાવાદ શહેરમાં પ્રવેશ કરવાના પ્રતિબંધ અંગે સંદર્ભ.૬ માં દર્શાવેલ જાહેરનામાથી અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં આવેલ તમામ પ્રકારના ભારે અને મધ્યમ વાહનો (મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ નકકી કરેલ વાહનો)(લકઝરી બસો)ને સવારે કલાક.૯/૦૦ થી રાતના કલાક.૨૧/૦૦ સુધી અવર જવર કરી શકશે નહીં તદઉપરાંત સુભાષબ્રીજ સર્કલ, સાબરમતી આશ્રમ, ઈન્કમટેક્ષ સર્કલ, પાલડી, વાસણા, વિશાલા સર્કલ સુધી ભારે અને મધ્યમ પ્રકારના વાહનો સવારના કલાક.૭.૦૦ થી રાત્રીના કલાક.૨૨.૦૦ સુધી અવર જવર કરી શકશે નહીં. પરંતુ આ ભારે અને મધ્યમ વાહનો (લકઝરી બસો)ને કુલ દસ માર્ગો ઉપર ૨૪ કલાક માટે ઉપયોગ કરવાની છુટછાટ આપવામાં આવેલ છે.હાલમાં શિવરંજની ચાર રસ્તા, હેલ્મેટ સર્કલ(મેમનગર), એ.ઇ.સી.સર્કલ ઉપર ઓવરબ્રીજની કામગીરી ચાલુ હોઇ ટ્રાફિક પ્રવાહને ઘણી અડચણો ઉભી થતી હોય ટ્રાફિક નિયમન સરળ બનાવવા અને લોકોને થતી હેરાનગતી ધ્યાને રાખી નીચે મુજબનો હુકમ કરું છું

હુકમ :-

હું જે.મહાપાત્ર પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર નાઓને મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ માં) કલમ (૩૩)(બી) આધારે મળેલ સત્તાની રુએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમતના વિસ્તારમાં તા.૧૬.૧૧.૦૪ ના રોજ બહાર પાડેલ જાહેરનામાંમાં આપેલ દસ માર્ગો ઉપરની છુટછાટ પૈકી નીચે જણાવેલ રુટો ઉપર ભારેવાહનો (લકઝરી બસો) બીજો હુકમ ન થાય ત્યાં સુધી આવનજાવન કરી શકશે નહીં.

૪.ઇસ્કોન સર્કલથી શિવરંજની જમણાં હાથે વળી શ્યામલ ચાર રસ્તા જીવરાજ પાર્ક ચાર રસ્તા, એ.પી.એમ.સી.માર્કેટ, વાસણા, ટી.રોડ ત્યાંથી ડાબા હાથે વળી પાલડી બસ સ્ટેન્ડ પાછળ આવેલ એમ.ટી.એસ.બસના પ્લોટ ઉપર જવા.

૫. ઇસ્કોન સર્કલથી શિવરંજની ડાબા હાથે વળી અંધજન મંડળ મેમનગર ચાર રસ્તાથી જમણાં હાથે આવેલ એ.એમ.ટી.એસનો પ્લોટ તથા મેમનગર ચાર રસ્તાથી એ.ઇ.સી.સર્કલ, એપેક્ષ સર્કલ, પ્રગતીનગર, અખબારનગર સર્કલ સામે આવેલ એ.એમ.ટી.એસ.નો પ્લોટ અને ત્યાંથી ડાબા હાથે વળી વ્યાસવાડી પલક એપાર્ટમેન્ટ સામે આવેલ ગોકુલ ધામ પ્લોટ અને તેજ રસ્તે પરત.

જવા આવવા માટે નીચે મુજબના રુટનો ઉપયોગ કરી શકશે.

૧. પ્રહલાદનગર ટી રોડ, સરખેજ ગાંધીનગર હાઇવે, વાય.એમ.સી.કલબની બાજુના ૨૦૦ફુટના રીંગ રોડથી શ્યામલ ચાર રસ્તા જીવરાજ પાર્ક ચાર રસ્તા, એ.પી.એમ.સી.માર્કેટ, વાસણા, ટી.રોડ ત્યાંથી ડાબા હાથે વળી પાલડી બસ સ્ટેન્ડ પાછળ આવેલ એમ.ટી.એસ.બસના પ્લોટ ઉપર જવા.

આ સિવાયની શરતોમાં કોઇ ફેરફાર કરવામાં આવેલ નથી

આ જાહેરનામાના આદેશનું ઉલ્લંઘન કરનાર ઇસમ મુંબઇ પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ (બી)(૪) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તા. ૩.૦૩.૦૭ થી કરવાનો રહેશે.

આજરોજ તા. ૩/૦૩/૨૦૦૭ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જે.મહાપાત્ર

તા. ૩/૦૩/૨૦૦૭
અમદાવાદ શહેર.

(જે. મહાપાત્ર)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સ.રવાના -

૧. મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
 ૨/- ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારુ.
૨. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
૩. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન, ગાંધીનગર.
૪. કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, અમદાવાદ.
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ. (૫ નકલ)
 રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ (૫ નકલ)
 રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ અમદાવાદ. (૫ નકલ)
 ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ (૨૫ નકલ)
૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર
૭. માહીતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)
 ૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારુ.